દાદા ભગવાન પરિવારનું

એપ્રિલ ૨૦૨૧

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# એકાગ્રતા

## સંપાદકીય

બાળમિત્રો,

'ઓહ મમ્મી, કેટલું વાંચું છું પણ યાદ જ નથી રહેતું. હવે મને વાંચવાનો કંટાળો આવે છે.'

'પણ વાંચવું તો પડશે ને બેટા ?'

'મમ્મી, હું થોડી વાર ટી.વી.જોઈ લઉં ?'

'હમણાં તો રમીને આવ્યો. હવે ટી.વી.? આખો દિવસ આવું જ કર કર કરીશ તો વાંચવાનું કેવી રીતે યાદ રહેશે ?'

આ વાર્તા તમારી તો નથી ને ? શું મમ્મીની વાત સાચી છે ? તો શું કરવું હવે ?

તમારી મૂંઝવણની દવા આ અંકમાં છે. ખાસ વાંચજો, વિચારજો, અપનાવજો અને જુઓ ચમત્કાર. તો થઈ જાઓ તૈયાર.

- ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૩, અંક : ૮
સળંગ અંક : ૧૫૨
એપ્રિલ ૨૦૨૧


.................................


સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જીવંત ઉદાહરણ

એક વખત સ્વામી વિવેકાનંદ કોલકતાના બેલુરમઠમાં હતા. તેમણે વાંચવા માટે અનસાઈક્લોપીડિયા બ્રિટાનિકાના (વિશ્વકોષ) ગ્રંથો મંગાવ્યા હતા. તેમના શિષ્યે આ જોઈને કહ્યું, "સ્વામીજી, એક જિંદગીમાં તો માણસ આટલા બધા ગ્રંથો વાંચી શકે નહીં." આ સાંભળીને તેમણે કહ્યું, "આ તમે શું કહ્યું ? આ દશ ભાગ તો મેં થોડા દિવસોમાં જ વાંચી નાખ્યા છે. અગિયારમો ભાગ વાંચી રહ્યો છું."

આ સાંભળીને શિષ્યને ભારે આશ્ચર્ય થયું અને કહ્યું, "ખરેખર વાંચી નાખ્યા ?"

"હા, તમારે આ દશ ભાગમાંથી કંઈ પણ પૂછવું હોય તો તમે પૂછી શકો છો !"

શિષ્યે ગુરુની પરીક્ષા કરવાની શરૂ કરી. જુદા-જુદા ભાગોમાંથી શિષ્ય સ્વામીજીને પ્રશ્ન પૂછતા રહ્યા અને સ્વામીજી બધાના જવાબો આપતા ગયા.

ગુરુની તીવ્ર યાદશક્તિથી આશ્ચર્યચકિત થયેલા શિષ્યે કહ્યું, "સ્વામીજી, માનવીની મગજ શક્તિની આ વાત નથી. આપ તો ચમત્કારિક પુરુષ છો" ત્યારે સ્વામીજીએ કહ્યું; "એમાં ચમત્કાર જેવું કશું જ નથી આ તો એકાગ્રતાનું પરિણામ છે."

જોયું ને મિત્રો, એકાગ્રતાથી કેવા આશ્ચર્યજનક પરિણામો સર્જાય છે !

પશ્ચિમના મહાન ચિંતક એમર્સન પાસે એક યુવાન આવ્યો. તેણે તેમને પૂછ્યું, "સફળતાનું રહસ્ય શું છે ?" તેમણે કહ્યું "સફળતાનું રહસ્ય છે, એકાગ્રતા. યુદ્ધમાં, વેપારમાં કે જીવનની કોઈપણ બાબતોમાં." સફળતા મેળવવા એકાગ્રતા જરૂરી છે.



# જ્ઞાનીઓ કહે છે...




પ્રશ્નકર્તા : મને ભણવામાં એકાગ્રતા કેમ નથી રહેતી ?

પૂજ્યશ્રી : એકાગ્રતાની શક્તિ તો પાવરફુલ છે. પણ ભણવા સિવાય બીજી જગ્યાએ વપરાય જાય છે. ટી.વી.માં કોણ કેવું દેખાય છે ? કઈ સિરિયલ ચાલુ છે ? કોણ રમે છે ક્રિકેટ ? કયા નવા ફેશનના કપડા છે ? એ બધામાં પડી જવાય છે. એટલે ચિત્તની શક્તિ બીજે વપરાય ગઈ એટલે ભણવામાં એકાગ્રતા ઓછી થઈ જાય. તું વાંચું ત્યારે રમવામાં ચિત્ત જતું રહે છે ?

પ્રશ્નકર્તા : ના

પૂજ્યશ્રી : તો ના ભૂલાય. ચિત્તને હાજર રાખીને જો વાંચવામાં આવે તો ભૂલાય નહીં. પણ આ તો શબ્દ વાંચતો હોય પણ હોય ચિત્ત ક્રિકેટમાં. બને કે ના બને ? જો બે કામ સાથે ચાલે છે ને ? તે બેઉ બગડે. ના ક્રિકેટ સારી રીતે દેખાય, ના આ યાદ રહે. ચિત્ત ભટકતું હોય તો કશું યાદ ના રહે.




પ્રશ્નકર્તા : તો ભણવામાં યાદશક્તિ વધારવા આપણે શું કરવું જોઈએ ?

પૂજ્યશ્રી : પહેલું તો આ ભણતરમાં ઈન્ટરેસ્ટ ઊભો કરવાનો કે આની કેટલી મહત્વતા છે. ફર્સ્ટ પ્રાયોરિટી ભણતર રાખવાનું. જો ઈન્ટરેસ્ટ હોય ને તો પછી બહુ યાદશક્તિ વધે.

બીજું 'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો' બોલો તો તમારું ચિત્ત શુદ્ધ થતું જાય. શુદ્ધ થયેલું ચિત્ત જબરજસ્ત ગ્રાસ્પિંગ કરી શકે. એકાગ્રતાની શક્તિ વધે, ભણતરમાં યાદશક્તિ ઊંચામાં ઊંચી આવે. આંખો બંધ કરીને, કાને સંભળાય એવી રીતે આમ એક એક અક્ષર દા....દા....ભ....ગ....વા....ન...., વાંચીને દસ મિનિટ


**'દાદા ભગવાનના અસીમ જયજયકાર હો'**

કરો તો બહુ પાવર વધી જાય.




આવા ઘણા લોકોના અનુભવ છે કે વાંચતા પહેલાં દસ મિનિટ આવી રીતે અસીમ જયજયકાર બોલે, શક્તિ માંગીને વાંચે કે **'હે દાદા ભગવાન મને વાંચવાનું યાદ રહે એવી શક્તિ આપો, એકાગ્રતાથી વંચાય એવી શક્તિ આપો'** તો પછી એનું પરિણામ એવું આવે છે કે એને ૫૮ ટકા આવતા હોય તો ૭૮ ટકા આવે. વીસ ટકા રિઝલ્ટ વધી જાય છે.

ભણવાનું રિઝલ્ટ વધારે જોઈતું હોય તો આવો પ્રયોગ કરી જોજો. સરસ રિઝલ્ટ આવશે.



શતરંજની રમત ખરેખરી જામી હતી. રાજમહેલના બગીચામાં પક્ષીઓના મીઠા મધુર અવાજ સિવાય બીજો કોઈ અવાજ નહોતો, મંત્રી પુત્ર નંદીશ પોતાનો દાવ વિચારી રહ્યો હતો. એણે હાથ ઘસ્યા અને સહેજ મલકાયો, "કુમાર, હવે તો તમે બરાબરના સપડાયા...."

નંદીશે રાજકુમાર સામે નજર કરી અને એનું સ્મિત ગાયબ થઈ ગયું, "પણ, તમારું ધ્યાન ક્યાં છે કુમાર ? આજકાલ તમે બહુ ખોવાયેલા રહો છો ? શું તકલીફ છે ?"

"તકલીફ ?! મને શું તકલીફ હોય !" રાજકુમારે થોડી અશાંતિ અનુભવી, "આ રમત આપણે કાલે ચાલુ રાખીશું," કહી રાજકુમાર રમત છોડીને ઊભા થઈ ગયા અને રાજ્યમાં લટાર મારવા નીકળી પડ્યા. ત્યાં તો રાજાના સેવકો એમની પાસે રાજાનું તેડું લઈને આવ્યા, "કુમાર, રાજાજીએ તત્કાલ આપને દરબારમાં બોલાવ્યા છે."

દરબારમાં આચાર્ય લેખનાથજી, રાજાજી સમક્ષ આવી પડેલી વિકટ પરિસ્થિતિનું વર્ણન કરી રહ્યા હતા,"મહારાજ, આ બીમારીનો ઉપચાર ફક્ત મંગલેશ ઋષિ પાસે છે. માંત્રિક ભાષાના એ મંત્રમાં ન કેવળ રોગ મટાડવાની શક્તિ છે, પણ અમુક એવા પદાર્થોનો ઉલ્લેખ છે જેનું સેવન કરતા સાધુઓ અવશ્ય સાજા થઈ જશે. જો આપની મદદ મળી જશે તો અમો આપનો આ ઉપકાર કદી નહીં ભૂલીએ."

મહારાજે ખૂબ નમ્રતાથી કહ્યું, "આચાર્યજી, આપ તો અમારા ખાસ મહેમાન છો. તમને મદદરૂપ બનવું એ તો અમારું સદ્‌ભાગ્ય કહેવાય."

મહારાજને દિલથી વંદન કરી, રાજકુમારને નમસ્કાર કરી, આચાર્યજીએ વિદાય લીધી.

રાજકુમારને પરિસ્થિતિનો થોડો-ઘણો ખ્યાલ તો આવી ગયો હતો, પણ છતાંય એમણે રાજાજી સમક્ષ સ્પષ્ટતા માંગી, "શું પરિસ્થિતિ સર્જાય છે મહારાજ ? આપણે કઈ રીતે એમને ઉપયોગી થઈ શકીએ ?"

"કુમાર, સાધુગણ એક અજાણી બીમારીમાં સપડાયો છે. આ બીમારીમાં ફસાઈને, એક પછી એક સાધુઓનું મૃત્યુ થઈ રહ્યું છે. આચાર્ય લેખનાથને ખાતરી છે કે સોમેશ્વર પર્વતની ગુફામાં સ્થિત ઋષિ મંગલેશ

# શક્તિ ક્યાં વાળી ?



પાસે આ બીમારીનો ઉપચાર છે,'' મહારાજે કહ્યું.

''પરંતુ મહારાજ, સોમેશ્વર પર્વત પર જવું આરોહણ કરવું એ ખૂબ જ કઠીન છે,'' કુમારના અવાજમાં ગંભીરતા હતી.

''જાણું છું કુમાર. પણ, આચાર્યજીના આપણા રાજ્ય પર અગણિત ઉપકાર છે. તેઓએ હંમેશાં આપણને સામાજિક અને અધ્યાત્મિક પ્રશ્નોના ઉકેલ આપ્યા છે. એમની મદદ કરવી એ આપણી ફરજ છે. આ અગત્યનું કામ તમારા સિવાય બીજા કોઈને સોંપાય તેમ નથી. પહાડી રસ્તો જોખમકારક છે. એટલે પ્રદ્યુતને સાથે લઈ જાઓ.'' રાજાએ કુમાર પ્રત્યેનો ભરોસો દર્શાવ્યો.

રાજાનો વિશ્વાસ જોઈ કુમારને પોતાના ઉપર ગર્વ થયો. અને તેઓ મંગલેશ ઋષિ સુધી પહોંચવા માટે સાહસિક મુસાફરી કરવા તૈયાર થઈ ગયા. ઉબડ-ખાબડ, આડા-અવળા રસ્તાઓનું અંતર કાપીને છેવટે રાજકુમાર અને પ્રદ્યુત ગુફા પાસે પહોંચ્યા.

ઋષિ ગુફામાં ધ્યાનમગ્ન હતા. તેઓ રાજકુમારના આગમનનું કારણ જાણી ગયા અને રાજકુમારને આવકારવા ગુફાની બહાર નીકળ્યા. રાજકુમારે વિનયપૂર્વક ઋષિને વંદન કર્યા.


''યશસ્વી ભવઃ કુમાર. હવે ખૂબ એકાગ્રતાપૂર્વક આ મંત્ર સાંભળો અને કંઠસ્થ કરો. અને કોઈ પણ વિલંબ કર્યા વગર આચાર્યજી સુધી આ મંત્ર પહોંચાડો.'' ઋષિએ કહ્યું.

નવાઈની વાત તો એ હતી કે કશું કીધા વગર જ ઋષિ મંગલેશ રાજકુમારના આવવાનું તાત્પર્ય સમજી ગયા હતા.

એમણે મંત્ર શરૂ કર્યો : સુશંસ સુશંસ શુભાયતે અર્દાની યાપન ઈહાત્ર... સમત્રય યશાંગમ. રાજકુમાર મંત્ર સાંભળી રહ્યા હતા. પ્રદ્યુત હાથ જોડીને રાજકુમાર પાસે ઊભો હતો.

મંત્ર સમાપ્ત થયો એટલે ઋષિએ ફરી એક-બે વાર કહી સંભળાવ્યો. અને પછી, તુર્ત જ રાજકુમાર, પ્રદ્યુતને લઈને આચાર્ય લેખનાથ પાસે જવા નીકળી પડ્યા. કઠણ રસ્તો કાપીને બેઉ આચાર્યજીના રહેઠાણે પહોંચ્યા.

''ધન્ય છે કુમાર ! કેટકેટલી મુશ્કેલીઓ વેઠીને સાધુઓના સ્વાસ્થ્ય માટે આપ મંત્ર લઈ આવ્યા. આપનો ઘણો ઘણો ઉપકાર. મંત્ર જણાવવા કૃપા કરશો,'' આચાર્યે વિનમ્રતાથી કહ્યું.



"આચાર્યજી, મુનિવરે આ મંત્ર જણાવ્યો છે : સુશંસ સુશંસ શુભાયતે....

બોલતા બોલતા અચાનક રાજકુમાર મંત્ર ભૂલી ગયા. એમને પરસેવો છૂટી ગયો. મગજ પર ખૂબ જોર લગાવ્યું, પણ કેમેય કરીને મંત્ર યાદ જ ના આવે.

"શાંત થઈ જાઓ કુમાર. યાદ આવી જશે," આચાર્યે કુમારને આશ્વાસન આપ્યું. પણ યાદ આવવાના કોઈ એંધાણ કુમારને નજર નહોતા આવી રહ્યા.

ત્યાં તો પ્રદ્યુત બોલ્યો, "કુમાર મને મંત્ર યાદ છે. કહું ?"

"હા, હા અવશ્ય પ્રદ્યુત," કુમારની જાનમાં જાન આવી.

પ્રદ્યુતે અતઃ થી ઈતિ આખો મંત્ર આચાર્યજીને જણાવ્યો. આચાર્યજી ખૂબ રાજી થયા અને બંનેને આશીર્વાદ આપ્યા.

જ્યારે રાજકુમારે રાજાજીને પોતાની વિસ્મૃતિ અને પ્રદ્યુતની સ્મૃતિ વિશે જણાવ્યું ત્યારે મહારાજને થોડું દુઃખ થયું. પણ તેઓએ વાતથી રાજી થયા કે છેવટે આચાર્યજીને ચોક્કસ મંત્ર પ્રાપ્ત થઈ ગયો હતો.

મંત્રના પ્રતાપથી થોડા જ દિવસોમાં બધા સાધુઓ સાજા થઈ ગયા. આચાર્ય લેખનાથજીએ રાજદરબારમાં જઈને રાજાનો આભાર વ્યક્ત કર્યો.

"આચાર્યજી તમે તો જાણો જ છો કે અમારું અહોભાગ્ય ગણાય કે તમને સહાયરૂપ બનવાનો અમને અવસર મળ્યો," રાજાએ પોતાના દિલની ભાવના વ્યક્ત કરી, "પણ, એક પ્રશ્ન છે. પૂછતા મૂંઝવણ થાય છે."

"મહારાજ, મારી સમક્ષ મૂંઝાવાનું શું કારણ ?" આચાર્યજીએ પૂછ્યું.

"ખરું કહો છો પ્રભુ. આપે તો હંમેશાં મારા બધા જ પ્રશ્નોનો ઉકેલ આપ્યો છે. મને એ વાત સમજાતી નથી કે આટલા તેજસ્વી હોવા છતાંય રાજકુમાર મંત્ર કેમ ધારણ ના કરી શક્યા ? અને પ્રદ્યુતને ક્યા આધારે મંત્ર યાદ રહી ગયો ?" રાજાએ હાથ જોડી પ્રશ્ન કર્યો.

"મહારાજ, જો રાજકુમારે ચિત્ત હાજર રાખીને મંત્ર સાંભળ્યો હોત, તો એ ભૂલાયો ના હોત. પણ કદાચિત મંત્ર સાંભળતા વખતે એમનું ચિત્ત બીજી જગ્યાએ જતું રહ્યું હશે. ચિત્ત ભટકતું હોય તો કશું યાદ ના રહે. ચિત્તની હાજરી વગર કરેલું કોઈ પણ કામ નકામું જાય." આચાર્ય લેખનાથે ગંભીરતાપૂર્વક કહ્યું.

રાજકુમારે થોડી શરમિંદગી અનુભવી. એમને યાદ આવ્યું કે મંત્ર સાંભળતી વખતે એમનું ધ્યાન શતરંજના અધૂરા દાવમાં જતું રહ્યું હતું. ના એમને દાવ સુઝ્યો કે ના એમને મંત્ર યાદ રહ્યો.

"પણ પ્રદ્યુતનું ચિત્ત મુનીવરના મંત્ર પર સ્થિર થઈ ગયું હશે. પ્રદ્યુતને મંત્ર યાદ રાખવાની રૂચી ઉત્પન્ન થઈ કારણ કે એને એ મંત્રની મહત્વતા સમજાઈ હતી. જ્યાં રૂચી હોય ત્યાં એકાગ્રતા હોય જ. અને એકાગ્રતાપૂર્વક સાંભળવાથી પ્રદ્યુતને મંત્ર કંઠસ્થ થઈ ગયો." આચાર્યજીએ ફોડ પાડ્યો.

પોતાના પ્રશ્નોનું સચોટ સ્પષ્ટીકરણ પામીને રાજાએ આચાર્યજીને ધન્યવાદ પાઠવ્યા.


રાજકુમારે હાથ જોડી આચાર્યજીની માફી માંગી, "મને ક્ષમા કરો. મેં રાજાજી અને આપને નિરાશ કર્યા."

આચાર્યજીએ રાજકુમારના માથે હાથ મુકીને કહ્યું, "કુમાર, આપ જબરદસ્ત ચિત્તની શક્તિ ધરાવો છો. મુશ્કેલી બસ એટલી જ છે કે શક્તિ અવળે રસ્તે વપરાઈ ગઈ છે. જો એ શક્તિ સાચા રસ્તે વળે તો આપ ખૂબ ઊંચા શિખરો સર કરી શકશો. જીવનમાં ખૂબ પ્રગતિ કરી શકશો."

ચિત્તની શક્તિ સાચા રસ્તે વાળવાનો મનોમન નિશ્ચય કરી, રાજકુમારે આચાર્યજીને વિદાય આપી.

# ચાલો રમીએ...

**નીચે આપેલા ટુકડાઓને જોડીને ૮ લંબગોળ બનાવો.**





**Ans.** 1-7, 2-12, 3-13, 4-14, 5-10, 6-9, 8-16, 11-15

# આ તો નવી જ વાત !

ચિત્ત એ કેમેરા
જેવું છે.
ચિત્ત જે ફોટા
પાડે એ જ એને યાદ રહે.
ચિત્તને જેમાં રસ
પડે છે એનો એ
તરત ફોટો પાડી લે છે.



ચિત્તની હાજરી
વગર કરેલું કોઈ પણ
કાર્ય નકામું જાય.



દા.ત : ભણવામાં ચિત્તની હાજરી
ના હોય તો ભણવાનું યાદ ના
રહે.જમવામાં ચિત્તની હાજરી ના
રહે તો શરીર રોગી બનતું જાય.

દા.ત : ક્રિકેટ, ફિલ્મ, વિડીયો-ગેમ્સ વગેરે બધું યાદ રહી જાય છે.

દુ:ખ આપવાના
બંધ થશે
તો ચિત્તની શક્તિ
સરસ વધી જશે,
એકાગ્રતા રહેશે
અને ભણવામાં
સરસ ગ્રાસ્પિંગ થશે.








બીજે ઈન્ટ્રેસ્ટ વધી જાય
એટલે ભણવામાં ઓછો
થઈ જાય. ભણવામાં
ઈન્ટ્રેસ્ટ ના આવતો
હોય તો
'બહુ ઈન્ટ્રેસ્ટ છે'
એવું ૨૫ વખત બોલવાનું
તો ઈન્ટ્રેસ્ટ
આવવા લાગે.




# ઈન્સ્ટોલ-અનઈન્સ્ટોલ




ફેમિલી વેકેશન્સ, ફેમિલી ફંક્શન્સના નાના નાના વિડીયોસ જોવાની બધાને મજા પડી રહી હતી. કાવ્યાનું ધ્યાન વિડીયોસ પર ઓછું અને પોતાના ફોનમાં વધારે હતું.
અચાનક, એની નજર ટી.વી સ્ક્રીન પર ચોંટી ગઈ...
એન્ડ ધી એવોર્ડ ફોર 'બેસ્ટ એકેડમિક પરફોર્મન્સ ઈન ગ્રેડ ૬' ગોઝ ટુ.....કાવ્યા મહેતા....
કાવ્યાએ એનો ફોન બાજુ પર મૂકી દીધો. થોડા સમય પુરતું એના ચહેરા પર એક સ્માઈલ અને આંખોમાં ચમક આવી ગઈ.
બીજા દિવસે,
કાવ્યા, આમ કેમ મોઢું લટકાવીને ફરે છે ?! જા, આ કરિયાણું પ્રતિભા આન્ટીને આપી આવ. આપણા સામાન સાથે હું એમનો પણ લઈ આવી છું.
ટીંગ-ટોંગ....
આન્ટી, મમ્મીએ થોડો સામાન મોકલાવ્યો છે. ક્યાં મૂકું ?
થેંક-યુ સો મચ મારી વહાલી દીકરી ! અહીંયા સાઈડમાં મૂકી દે. અરે હા, મારે તારી હેલ્પની જરૂર છે.
આજે સાંજે ફ્રેન્ડસ સાથે મારે 'ઝૂમ' વિડીયો કોલ કરવાનો છે. પણ, જો ને બેટા 'ઝૂમ'ની એપ મારા ફોનમાં ઈન્સ્ટોલ નથી થઈ રહી.


આન્ટી તમારા ફોનની મેમરી ફૂલ થઈ ગઈ છે. એટલે એપ ઈન્સ્ટોલ નથી થતી. થોડી અન-વોન્ટેડ એપ્સ ડિલીટ કરી દઉં ?
શ્યોર !! પ્લીઝ કરી આપ.
આ લો આન્ટી, તમારી 'ઝૂમ' એપ ઈન્સ્ટોલ થઈ ગઈ.
થેંક-યુ સો મચ દીકરા. પણ કાવ્યા, એક વાત પૂછું ? તું આટલી ઉદાસ કેમ દેખાય છે ? ઈઝ એવરીથિંગ ઓ.કે ?
પોતાના પાડોશી પ્રતિભા આંટી સાથે કાવ્યાએ નાનપણની બધી વાતો શેર કરી હતી.
આન્ટી, ગઈ કાલે રાત્રે મેં મારા બાળપણના ફેમિલી વિડીયોસ જોયા. નાનકડી કોન્ફીડન્ટ કાવ્યાને જોઈને મને થયું કે આ કાવ્યા આજે ક્યાં ખોવાઈ ગઈ છે ?
મારામાં કેટલો બધો આત્મવિશ્વાસ હતો, હું કેટલી બ્રાઈટ હતી. એ બધું ક્યાં ખોવાઈ ગયું ? આજે તો મારી પાસે એક નાનો અમથો વર્કશોપ અટેન્ડ કરવાનો પણ કોન્ફિડન્સ નથી.
બેટા, તે જોયું ને કે ફોનની મેમરી ફૂલ થઈ જવાથી 'ઝૂમ' જેવી આવશ્યક 'એપ' ઈન્સ્ટોલ કરવા માટે બીજી અનાવશ્યક એપ્સ અનઈન્સ્ટોલ કરવી પડી ?


આન્ટીની વાતથી કાવ્યા થોડી કન્ફ્યુઝ થઈ.
તે જ રીતે ભણતર માટે મેમરી નથી બચતી કેમ કે એ મેમરી યુ-ટ્યુબ, મૂવીઝ, ફેશન વગેરેમાં વપરાઈ જાય છે.
જો તારે પેલી નાનકડી કાવ્યા જેવો કોન્ફિડન્સ ફરી પાછો મેળવવો હોય તો એની જેમ ભણતરની વેલ્યુ સમજીને એમાં ઈન્ટરેસ્ટ ડેવલપ કર.
એમ કરીશ તો તારા ઈન્ટરનલ સોફ્ટવેરમાંથી અનાવશ્યક એપ્સ ઓટોમેટીકલી અનઈન્સ્ટોલ થઈ જશે અને તું ફરી બ્રાઈટ અને કોન્ફિડન્ટ બની જઈશ. સમજાયું તને ?
યસ ! થેંક યુ સો મચ આન્ટી !
તે રાત્રે રોજની જેમ કાવ્યાએ પોતાના આઈ-પેડ પર એક મૂવી પ્લે કરી. પણ એને કંઈક યાદ આવ્યું. આઈ-પેડ સ્વીચ ઓફ કરી એણે નમ્રતાને ફોન જોડ્યો...
હાય નમ્રતા, વેદિક મેથ્સ વર્કશોપ માટે રજિસ્ટ્રેશન કેવી રીતે કરવાનું છે ?

ઐતિહાસિક ગૌરવ ગાથા

શ્રીપુર નગરમાં રાજા શ્રીશેણ અને સોમ પુરોહિત ખૂબ સારા મિત્રો હતા. પુરોહિતને કોઈ પુત્ર ના હોવાથી તે દુઃખી રહેતો. રાજાએ પુરોહિતને કહ્યું, "મિત્ર, દેવીની આરાધનાથી તમને ચોક્કસ પુત્રદાન મળશે."


રાજાની શિખામણ માનીને પુરોહિત દેવીની આરાધના કરવા લાગ્યા.

"પુરોહિત, કેમ મને યાદ કરી ?" આરાધનાથી પ્રસન્ન થઈ દેવી, પુરોહિત સામે પ્રગટ થયા.

પુરોહિતે પૂછ્યું, "દેવી, શું મને કોઈ પુત્રની પ્રાપ્તિ નહીં થઈ શકે ? તો મારા બાદ રાજ્યમાં પૂજા પાઠ વગેરે કોણ કરશે ?"

દેવીએ કહ્યું, "પુરોહિત, તને પુત્ર તો થશે, પણ તે જુગારી, લંપટ અને ચોર હશે. આવા પુત્ર કરતા પુત્ર ના હોય તે શું ખોટું ?"

"દેવી, ગમે તેવો પણ મને પુત્ર આપો. પણ એટલું આપની પાસે માંગું છું કે તે ગમે તેવો દુર્ગુણી હોય પણ તેને એક 'વિવેક'



ગુણ આપવાનું આપ ચૂકશો નહીં.''

''તથાસ્તુ'' કહી દેવી અદ્રશ્ય થઈ ગયા.

થોડા સમય પછી પુરોહિતના ઘરે પુત્ર જન્મ્યો. રાજાએ પુત્રનું નામ ''સુમતિ'' પાડ્યું.

સુમતિ જ્યારે યુવાન થયો ત્યારે રાજાએ તેને વાજતે ગાજતે રાજસભામાં બોલાવી, 'પુરોહિત' પદ આપ્યું.

એક વખત રાજમહેલમાં સુમતિ પુરોહિતે રાજાનો નવલખો હાર જોયો. જોતાં જ તેનું મન લલચાયું. તેણે આજુબાજુ નજર કરી અને હાર ઉપાડી લીધો. ચોરી કર્યા બાદ, તેનું હૃદય થોડું ભયભીત થયું. અને અચાનક મનમાં વિવેક જાગ્યો, ''મારે ધનની શું જરૂર છે કે આમ હાર ચોરી લઉં ? રાજા મને બહુમાન આપે છે. જો તેઓ જાણશે કે મેં ચોરી કરી છે, તો મારું માન ક્યાંથી રહેશે ? આ જન્મમાં તો મને દંડ અવશ્ય મળશે, પણ આવતો જન્મ પણ સારો નહીં થાય.'' આમ સારા-ખોટાના વિવેકે સુમતિને ચોરી કરતા અટકાવ્યો.

સુમતિ યુવાન અને ધનવાન હતો. એના ઘણા મિત્ર હતા જેમાંથી અમુક ચોર, લંપટ, જુગારી પણ હતા. એક વખત બે જુગારી ભાઈબંધ, સુમતિને જુગારના અખાડે લઈ ગયા. સુમતિ દાવ ખેલવા બેઠો. પણ તરત જ તેને વિવેક જાગ્યો, ''અરે, આ હું શું કરું છું ? ધર્મ રાજા યુધિષ્ઠિર પણ જુગારમાં પત્ની અને રાજ્ય હારી બેઠા હતા. તો હું અહીંથી શું મેળવીને જવાનો હતો ?'' તે તરત જ ઊભો થઈ ગયો. મિત્રો જોતાં રહ્યા અને સુમતિ ઘરે પાછો ફર્યો.

સમય વીતવા લાગ્યો. રાજાને સુમતિ પુરોહિત, રાજકુમાર કરતા પણ વધુ વહાલો થઈ પડ્યો. કોઈ પણ ભરોસાજનક કામ હોય તો તેને જ સોંપતા. એટલું જ નહીં, પણ તેની પાછળ તપાસ પણ કરતા નહીં.

એક વખત સુમતિએ રાજાને પૂછ્યું, ''રાજન, હું તો હજુ યુવાન છું. દુનિયાની રીત-ભાત મને આવડતી નથી. મારામાં ઘણી બધી ખામીઓ છે. છતાંય, આપ મારા પર આટલો બધો વિશ્વાસ કેમ મૂકો છો ?''



રાજાએ કહ્યું, ''સુમતિ, તારામાં વિવેક છે. એટલે ગમે તેવી ખામીઓ હશે તે પણ નહીં રહે.''

અને ખરેખર એવું જ બન્યું. સુમતિમાં ચોરી અને જુગારના દુર્ગુણો ઉત્પન્ન થયા પણ વિવેક જેવા સદ્‌ગુણને કારણે એ દુર્ગુણો ઉગતા જ ઉખડી ગયા.

અંતે, શ્રીપુરનું રાજ્ય સુમતિએ સમૃદ્ધ બનાવ્યું અને એ સુગતિને પામ્યો.



# મીઠી યાદેં...

નીરુમા જ્યારે મુંબઈથી અમદાવાદ સત્સંગ માટે આવતા, ત્યારે એક મહાત્માના બે બાળકો હંમેશા તેમને મળવા આવતા. એ બે ભાઈ-બહેનને 'મસ્ક્યુલર ડિસ્ટ્રોફી' નામનો રોગ થયો હતો. આ રોગના કારણે તેઓ જાતે કશું જ નહોતા કરી શકતા. જમવું, ચાલવું, ઉઠવું-બેસવું, કપડા વગેરે બધી જ બાબતોમાં એમને મદદની જરૂર પડતી. બેઉ બાળકોએ નીરુમા પાસે પ્રોમિસ લીધું હતું કે નીરુમા જ્યારે પણ અમદાવાદ આવે ત્યારે એમને અવશ્ય મળે. નીરુમાએ બેઉ બાળકોને દિલથી એ પ્રોમિસ આપેલું.

એક વખત નીરુમા સત્સંગ માટે અમદાવાદ આવ્યા. જ્યાં નીરુમા રોકાયા હતા એ મહાત્માના ઘરે જમણવારી ગોઠવાઈ. જમણવારમાં શ્રીખંડ, પૂરી અને બીજી ઘણી બધી વાનગીઓ હતી. પેલા બે બાળકો નીરુમાને મહાત્માના ઘરે મળવા આવ્યા. નીરુમા બંને બાળકોને મળ્યા અને પછી પોતાના હાથે બંને બાળકોને જમાડવાનું શરૂ કર્યું.

નીરુમાએ આખી ચમચી ભરીને શ્રીખંડ, ભાઈના મોઢામાં મૂક્યો પણ તે અડધી ચમચી જ ખાઈ શક્યો. બાકીનો શ્રીખંડ ચમચીમાં જ રહી ગયો. ચમચીમાં બાકી રહેલો શ્રીખંડ નીરુમાએ પોતાના મોઢામાં મૂકી દીધો.

આ જોઈને, ત્યાં ઉપસ્થિત બધા મહાત્માઓને 'અહો અહો' થઈ ગયું. સામાન્ય રીતે, કોઈને ચેપી બીમારી હોય કે ના પણ હોય, પણ અન્યનું એંઠું ખાતા સહુને અણગમો થાય. પણ અહીં તો નીરુમાએ બાળકનો એંઠો શ્રીખંડ પ્રેમથી ખાઈને ના ફક્ત બાળકને પોતાનો અનન્ય પ્રેમ ચખાડ્યો પણ ત્યાં ઉપસ્થિત સહુ મહાત્માઓને સાચા પ્રેમની સગાઈનો પરચો દેખાડ્યો !







# પૂજ્યશ્રીના ૫૦માં જ્ઞાન દિવસ નિમિતે ગામેગામ થયેલ ભવ્ય ઉજવણીની એક ઝલક...











Akram Express

April 2021
Year : 13, Issue : 8
Conti. Issue No.: 152

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month











**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.